

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર એન લલિતકલા અકાદમી ખાતે કરાટેના તાલીમાર્થીઓને બેલ્ટ તથા રૅન્ક સર્ટીફિકેટ્સનું વિતરણ મુખ્ય પ્રશિક્ષક સેલ્વાકુમારના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તાલીમાર્થીઓના વાલીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કમલેશ શાહ)

# વિવેકાનંદ વિદ્યાલયનો સમય સવારનો કરવા માટે માગણી

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરે શિક્ષણ સંસ્થાઓની નગરીનું શહેર બન્યું છે. મોટી-મોટી શૈક્ષણિક સંસ્થાઓમાં દૂર-દૂરથી વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવવા આવે છે. હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરે છે. ત્યારે ગાંધીનગરની સેક્ટર-૧૨ સ્થિત સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહારના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની બપોરની શાળા હોવાથી તેમને ભોજનમાં તથા અભ્યાસમાં મોટી પ્રતિકૂળતા વેઠવી પડે છે. જેના સંદર્ભે વિદ્યાર્થીઓએ શાળા સંચાલકોને શાળા સવારની કરવા વિનંતી કરી છે અને તેમના અભ્યાસને અનુકૂળ બનવા સહકાર આપવા જણાવાયું છે.

સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર સેક્ટર-૧૨ની શાળામાં હોસ્ટેલના લગભગ દોઢસો જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યાછે. શાળા બપોરની હોવાથી હોસ્ટેલના ભોજનમાં પ્રતિકૂળતા રહે છે. હોસ્ટેલમાં ૧૨ વાગ્યા પછી ભોજન મળે છે અને શાળાનો સમય પણ બપોરનો હોય છે ત્યારે બાળકોને સમયસર કે નિયમિત રીતે ભોજન કરી શકાતું નથી. ખાસ નોંધનીય બાબત એ છે કે, સવારે શાંત અને રમણીય વાતાવરણમાં શિક્ષણ મેળવવાની સૌને મગ્ન આવે અને બપોરે બગાસા આવે ! આવી સ્થિતિમાં વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને અભ્યાસમાં ખરા બપોરે કેવી રીતે રુચિ આવી શકે ! ભુખ્યું પેટ હોય, અઘરા વિષયો હોય, ગણિતની માયાજાળ અને વિજ્ઞાનના પ્રયોગોની ગુથ્થી ગરમીમાં કેવી રીતે સૂલઝાવી શકાય ! ગાંધીનગરની અન્ય શાળાઓ સવારની હોવાને કારણે આ શાળાના કેટલાક વિદ્યાર્થીઓ અન્ય શાળામાં જવા તૈયાર થયા છે. આ શાળા બપોરની હોવાથી ધોરણ-૧૧માં નવા વિદ્યાર્થીઓ મોટે ભાગે પ્રવેશ લેતા નથી. આ વર્ષે ફક્ત ૨૧ વિદ્યાર્થીઓએ જ પ્રવેશ મેળવ્યો છે જે ગત વર્ષની સરખામણીમાં ખૂબ ઓછો છે.

સ્વામી વિવેકાનંદ શાળાના ધોરણ-૯, ૧૦, ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓની આગ્રહભરી વિનંતી છે કે, શાળાનો સમય સવારનો કરવામાં આવે તો અભ્યાસ સારી રીતે કરી શકાય. આ બાબતે શાળા યોગ્ય નિર્ણય લે અને વિદ્યાર્થીઓના ખાસ કરીને હોસ્ટેલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના સમર્થનમાં યોગ્ય નિર્ણય લે તેવી સૌની લાગણી અને માંગણી છે.

# અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજમાં સ્પર્ધાત્મક પરીક્ષાનો વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરના સેક્ટર-૨૩માં આવેલી અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજમાં ટી.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓ માટે કેરિયર ગાઈડન્સ સેલ અંતર્ગત 'હાઉ ટુ ક્રેક કોમ્પીટીટીવ એક્ઝામ' વિષય પર વર્કશોપ યોજવામાં આવ્યો હતો.

આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાએ લેવાતી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ જેવી કે, કેટ, સી-મેટ, સેટ, યુ.પી.એસ.સી., જી.પી.એસ.સી., આઈ.બી.પી.એસ., બેંક બી.ઓ. વગેરેમાં જરૂરી તેવા વિષયોનું વિષદ માર્ગદર્શન વિદ્યાર્થીઓને આપવામાં આવ્યું હતું.

જાણીતા કટાર લેખક નિશાંતભાઈ પટેલ તથા સ્પીપાના નિષ્ણાંત ફેકલ્ટી બિપીનભાઈ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને વર્ષની શરૂઆતથી જ આ પરીક્ષા અંગે તૈયારી શરૂ કરવા જરૂરી ટીપ્સ આપી હતી. કોલેજના ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ આ વર્કશોપનો લાભ લીધો હતો. કાર્યક્રમના ઈન્ચાર્જ પ્રા. ધર્મેન્દ્રભાઈ પટેલ દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં હસ્તકલા પ્રદર્શન

ગાંધીનગર તા. ૭

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે પ્રથમ વર્ષમાં પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ ઉજવાયો. હોમ સાયન્સ વિભાગ દ્વારા હસ્તકલા પ્રદર્શન ગોઠવાયું હતું. પ્રદર્શન મણિભાઈ ચૌધરી, ડાહ્યાભાઈ ચૌધરી તથા ડૉ. કેશુભાઈ ચૌધરી, ગણેશભાઈ ચૌધરીએ નિહાળ્યું હતું. હોમ સાયન્સની વિદ્યાર્થીની કુ. અનુપા પંડ્યાએ પ્રતિભાવ આપ્યો હતો. આચાર્યા ડૉ. ઉર્મિલાબેન ચૌધરી તથા સ્ટાફે સહયોગ આપ્યો હતો.

## સરકારી વિજ્ઞાન કોલેજમાં નવા વિદ્યાર્થીઓ માટેનો સંસ્થા પરિચય કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૬


ગાંધીનગરના સેક્ટર-૧૫માં આવેલી સરકારી વિજ્ઞાન કોલેજમાં બીએસસી સેમીસ્ટર-૧ના નવા આવેલા વિદ્યાર્થીઓને આવકારવાનો અને સંસ્થા પરિચય આપવાનો કાર્યક્રમ તાજેતરમાં યોજાયો હતો. વિદ્યાર્થીઓ કોલેજની નવી શિક્ષણ પદ્ધતિથી અવગત થાય, વિદ્યાર્થીઓ કોલેજના વિવિધ વિભાગોનો પરિચય મેળવી શકે તે માટેનો ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન આગંતુક વિદ્યાર્થીઓ દ્વારા પોતાને અભ્યાસક્રમને લગતા અને મુંઝવતા પ્રશ્નો પણ પૂછવામાં આવ્યા હતા જેનો અધ્યાપકો દ્વારા સંતોષકારક પ્રત્યુત્તર આપવામાં આવ્યો હતો. કોલેજના સમધારાની વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્યના માર્ગદર્શન હેઠળ પ્રા. કે.બી. પટેલે કર્યું હતું.

# ગુમ બાળકોના પ્રશ્ને આજે શાળા-કોલેજ બંધનું એલાન

અમદાવાદ, તા.૬

ગુજરાત રાજયમાં ૧૬૦૦૦ જેટલા ગુમ થયેલા બાળકો પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવા અને સંવેદના ગુમાવી ચૂકેલ ભાજપ સરકારને જગાડવા માટે ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ દ્વારા અમદાવાદ શહેર સિવાય સમગ્ર રાજયના ૨૪ લોકસભા વિસ્તારની શાળા-કોલેજમાં તા. ૭.૭.૧૨ના રોજ બંધનું એલાન આપવામાં આવ્યું છે. ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના પ્રમુખ માનસિંહ ડોડીયા, ઉપપ્રમુખ પ્રકાશ ગુર્જરે રાજ્યની ઉંઘી ગયેલી ભાજપ સરકારને જગાડવા આપેલા શાળા-કોલેજ બંધના એલાન અંગે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતની ભાજપ સરકારના ગેરવહીવટ અને નિષ્ફળ પોલીસ વહીવટીતંત્રને જાગૃત કરવા રાજ્યની ૨૪ લોકસભા વિસ્તારમાં શાળા-કોલેજ બંધ કરીને વિરોધ વ્યક્ત કરવામાં આવશે.

## માણસે શું શું ન કરવું ? એનો જવાબ મહાભારતમાં છે



'મહાભારત' મહાકાવ્ય છે. પૂરા એક લાખ શ્લોકોમાં કુરુવંશની કથા છે. પાંડવો અને કૌરવોની રાજસત્તાની રસ્તે રઝળતી વાર્તા છે. જે કંઈ આખા વિશ્વમાં છે તે બધું જ મહાભારતમાં છે અને જે મહાભારતમાં નથી તે વિશ્વમાં ક્યાંય પણ નથી. માણસે જિંદગીમાં શું શું ન કરવું જોઈએ એ બધું મહાભારત શીખવે છે. જે ન કરવું જોઈએ એ બધું જ પાછું મહાભારતમાં થાય છે.

માણસે કોઈને પણ ઝેર ન આપવું, હથિયાર વગર હોય એની સામે વાંકગુના વગર હથિયાર ઉપાડી મારવા ન દોડી જવું, આગ લગાડી કોઈની પણ સંપત્તિને નુકસાન ન પહોંચાડવું, ધન, જમીન અને સ્ત્રી કોઈનાં ય બળજબરીથી



પડાવી ન લેવાં. આ બધું ન કરવા જેવું જે કરે છે એને વેદવ્યાસે 'આતતાયી' કહ્યા છે, કૌરવો માટે બરાબર બંધ બેસી જાય છે આ શબ્દ : આતતાયી.

માણસે કદી જુગાર ન રમવો કે ન તો છળકપટ કરવું. ક્યારેય બીજાની હક્કની રાજસત્તા ઝૂંટવી ન લેવી, જગતની કોઈપણ સ્ત્રીનું ક્યારેય અપમાન ન કરવું કે તેની લાંજ ન લૂંટવી, વચન આપીને ક્યારેય ફરી ન જવું, વડીલોનો અનાદર કરવો નહિ, કોઈ વાંક ગુના વગર સજા ન કરવી, અહંકાર કરવો નહિ, માતાપિતાની કોઈ આજ્ઞાનું ઉલ્લંઘન કરવું નહિ.

કદી ચોરી કરવી નહિ, મિત્ર સાથે દગો કરવો નહિ, ધર્મ વિરુદ્ધ કશું પણ આચરણ કરવું નહિ, અભદ્ર ભાષાનો પ્રયોગ કરવો નહિ, પીઠ પાછળ ઘા કરવો નહિ, કોઈ સ્વાર્થ સાધવા બીજાને લોભ કે લાલચ આપવાં નહિ, જે ખરેખર માનના અધિકારી જ નથી તેમનું સન્માન કરવું નહિ, દૂતની હિંસા ન કરવી, કુદરતી ન્યાય વિરુદ્ધ કશું જ કરવું નહિ.

વિદ્યાનું અભિમાન રાખવું નહિ, ઘેર આવેલા ભિક્ષુકને ખાલી હાથે જવા દેવો નહિ, અતિથિનો અનાદર કરવો નહિ. આ બધું જ ન કરવા જેવું મહાભારતમાં ધૃતરાષ્ટ્ર, દુર્યધન, કર્ણ, દુઃશાસન, શકુનિ વગેરે એક વખત નહિ પણ વારંવાર કરે છે. કહ્યું છે કે જે શાસ્ત્રોમાં કહ્યા મુજબ નથી કરતા તેનો શાસ્ત્રો નાશ કરે છે. કૌરવોએ (એકાદ બે અપવાદ સિવાય) શાસ્ત્રો વિરુદ્ધ કર્યું જેથી મહાભારતનું યુદ્ધ થયું અને શાસ્ત્રો થકી તેમનો વિનાશ થયો. આજે ૫૧૧૪ (પાંચ હજાર એકસો ચૌદ) વર્ષ પછી પણ આ બાબતો કેટલી પ્રસ્તુત છે ! કરૂણા તો એ વાતની છે કે આ બધું જાણવા છતાં ન કરવા જેવું કરી માણસ પોતે જ પોતાનો નાશ નોતરે છે.

- પી એમ પરમાર 'દર્શન'

**વિદ્યાનું અભિમાન રાખવું નહિ, ઘેર આવેલા ભિક્ષુકને ખાલી હાથે જવા દેવો નહિ, અતિથિનો અનાદર કરવો નહિ**

## બા શ્રી વસંતકુંવરબા વિદ્યાલયમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરાઈ

ગાંધીનગર તા. ૭

બા શ્રી વસંતકુંવરબા કન્યા વિદ્યાલય સેકટર-૨૮ ખાતે ગુરૂપૂર્ણિમાની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી. સકેટર-૨૮ બ્રહ્માકુમારી આશ્રમમાં પધારેલ વંદનીય દીદીશ્રી હંસાબેન, દીદી હીનાબેન ઉપસ્થિત રહ્યા હતા. ગુરૂપૂર્ણિમાનું મહત્વ તેમજ જીવનમાં ગુરૂનું સ્થાન વિશે ઉદ્‌બોધન કરેલ હતું. સુપરવાઈઝર અંબારામભાઈએ પરિચય સ્વાગત કરેલ હતું. પ્રજ્ઞાબેને આભારવિધિ કરી હતી. કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થીની જીનલે કર્યું હતું.

## પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં વાલી મિટીંગ યોજાઈ

ગાંધીનગર તા. ૭

શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે વાલી મીટીંગ યોજાઈ હતી. આચાર્યા ડૉ. ઉમાબેન ચૌધરીએ સ્વાગત કર્યું હતું. વાલીઓ સાથે સંસ્થાની ભૌતિક અને શૈક્ષણિક સુવિધાઓ તથા શૈક્ષણિક પ્રશ્નો અંગે વાર્તાલાપ થયો હતો. વાલી મંડળના કન્વીનર હેમાંગી વાઘેલા અને ડૉ. લીના સ્વાદિયાએ પ્રવચન કર્યું હતું. પ્રા. સજ્જનબેન ચૌધરીએ આભાર વ્યક્ત કર્યો હતો.

# એમઈની ૩૭૪૯ને એમફાર્મની ૪૬૦૦ સીટો માટે આજથી પરીક્ષા

## ૧૦૦ માર્કની પરીક્ષા OMR પદ્ધતિથી લેવાશે : પરીક્ષા બે દિવસ ચાલશે

અમદાવાદ, તા.૬

એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સીસ દ્વારા માસ્ટર ઓફ એન્જિનિયરીંગ (એમ.ઈ.)ની ૩૭૪૯ બેઠકો માટે ૮૧૦૩ વિદ્યાર્થીઓની અને માસ્ટર ઓફ ફાર્મસી (એમ.ફાર્મ)ની ૪૬૦૦ બેઠકો માટે ૨૫૦૨ વિદ્યાર્થીઓની આવતીકાલથી પી.જી. ગુજરાત કોમન એન્ટ્રસ ટેસ્ટ (પીજીસેટ) પરીક્ષા લેવાશે. પરીક્ષા ઓએમઆર પદ્ધતિથી છ સેશનમાં લેવાશે. પરીક્ષા ૮મી જુલાઈ સુધી ચાલશે. કમિટી દ્વારા આવતીકાલ ૭મી જુલાઈના રોજ પ્રથમ સેશનમાં ઈલેક્ટ્રો એન્ડ કોમ્યુનિકેશન વિષયની સવારે ૯.૦૦ થી ૧૦.૩૦ દરમિયાન પરીક્ષા લેવાશે. જેમાં ૧૮૦૦ વિદ્યાર્થી બેસશે. બીજા સેશનમાં કોમ્પ્યુટર એન્જિનિયરીંગ એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી વિષયની પરીક્ષા ૧૨.૦૦ થી ૧.૩૦ વાગ્યા દરમિયાન લેવાશે. જેમાં ૧૮૦૦ વિદ્યાર્થીઓ બેસશે. જ્યારે ત્રીજા સેશનમાં એનવાયરમેન્ટ, મીકેનીકલ અને બાયોમેડીકલ એન્જિ. વિષયની પરીક્ષા બપોર ૩.૩૦ થી ૫.૦૦ વાગ્યા દરમિયાન લેવાશે જેમાં ૧૪૦૦ વિદ્યાર્થી બેસશે.

૮મી જુલાઈએ ચોથા સેશનમાં ઈલેક્ટ્રોનિક્સ, કેમીકલ અને ટેક્ષ્ટાઈલ એન્જિ. વિષયની સવારે ૯.૦૦ થી ૧૦.૩૦ વાગ્યા દરમિયાન પરીક્ષા લેવાશે. જેમાં ૧૨૦૦ વિદ્યાર્થી બેસશે. પાંચમાં સેશનમાં સિવીલ, ઈન્સ્ટ્રુમેન્ટેન્શન એન્ડ કંટ્રોલ વિષયની બપોર ૧૨.૦૦ થી ૧.૩૦ વાગ્યા દરમિયાન પરીક્ષા લેવાશે. જેમાં ૧૨૦૦ વિયાર્થી બેસશે. અને છઠ્ઠા સેશનમાં ફાર્મસીની પરીક્ષા બપોર ૩.૦૦ થી ૪.૪૦ વાગ્યા દરમિયાન લેવાશે. જેમાં ૧૦૦ વિદ્યાર્થી બેસશે. જ્યારે ૧૫મી જુલાઈએ સાતમા સેશનમાં નેટવર્કીંગ કોમ્યુનિકેશન એન્ડ વેબ ટેકનોલોજી વિષયની પરીક્ષા લેવાશે. તમામ વિષયોની પરીક્ષાનું પરિણામ ૧૮મી જુલાઈના રોજ જાહેર કરાશે. પરીક્ષા ૧૦૦ માર્કની લેવાશે. જેમાં ૨૦ માર્કના ગણિત વિષયના પ્રશ્નો હશે અને ૮૦ માર્કના જે તે વિષયના પ્રશ્નો હશે. આ પરીક્ષા નોન ગેટવાળા માટે છે. પીજી ગુજરાત કોમન એન્ટ્રસ ટેસ્ટ (પીજી સેટ) તરીકે ઓળખાય છે. જેમાં ગેટના જ નિયમોનું પાલન થાય છે.

## ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં 'ગ્રીન વર્લ્ડ ડે'ની ઉજવણી

ગાંધીનગર, તા. ૬

'ગ્રીન વર્લ્ડ ડે'ની ઉજવણી ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ રાંધેજા ખાતે કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ પર્યાવરણ પ્રત્યે જાગૃત બને તે હેતુસર શાળા પટાંગણમાં રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ બેનરો અને સૂત્રો વડે વાતાવરણ ગૂંજી ઉઠ્યું હતું. શિક્ષકોના માર્ગદર્શન હેઠળ દરેક વિદ્યાર્થીએ વૃક્ષારોપણ કાર્યક્રમમાં ભાગ લઈને વૃક્ષને ઉછેરવાની જવાબદારી સ્વીકારી હતી. આ નિમિત્તે વિદ્યાર્થીઓએ તમામ બુલેટીન બોર્ડને પર્યાવરણના વિષય પર વિવિધ ચિત્રો-સૂત્રો વડે સજાવી 'ગ્રીન ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ' બનાવી હતી.

# ઈજનેરમાં હજી ૧૫૦૦ જેટલી બેઠકનો વધારો થશે

અમદાવાદ, તા.૬

એડમિશન કમિટી ફોર પ્રોફેશન કોર્સીસ કમિટી દ્વારા હાલ કુલ ૫૮૩૩૭ બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાઈ છે. આજે એક્ચ્યુઅલ એડમિશનની કાર્યવાહી હાથ ધરાઈ હતી. હવે ૯મી જુલાઈએ એક્ચ્યુઅલ બેઠકોની એલોટમેન્ટ યાદી જાહેર કરાશે. પ્રવેશ કમિટીના સૂત્રોના જણાવ્યા અનુસાર તા. ૮મી જુલાઈ રવિવાર રાતે જ એલોટમેન્ટ યાદી મૂકી દેવાશે.

જો કે હજી એન્જિનીયરીંગમાં ૧૫૦૦ બેઠકો આવશે. આ નવી આવનાર કોલેજોને આગામી રિશફલીંગમાં સામેલ કરાશે. વિદ્યાર્થીઓએ આજે એન્જિ.-ફાર્મસીમાં પોતાની ફાઈનલ ચોઈઝ ભરી હતી. આ ચોઈઝના આધારે વિદ્યાર્થીઓને બેઠકોની ફાળવણી કરવામાં આવશે.

# સેવાકાર્યોની જીવતીજાગતી મિસાલ : કેશુભાઈ ઘાસવાળા



**આગવો માણસ - આપણો માણસ**

**- કિશોર જીકાદરા**

૨૦૦૨ના ગોધરાકાંડ પછી સદ્‌ભાવના શબ્દનું ચલણ વધ્યું છે. સમાજના બે મોટા વર્ગો વચ્ચેની ખટાશને મીઠાશમાં ફેરવવા કોમ્યુનલ હાર્મનીના ઈન્જેક્ટેબલ્સ અપાઈ રહ્યા છે. ભાષણોના ટોનિક્સ પ્રિસ્ક્રાઈબ કરાય છે. કવચિત્ શિબિરોની ટેબલેટ ગળાવીને તત્કાળ રાહતના નુસખા અજમાવાય છે. શબ્દકોશના એક પૃષ્ઠ પર સચવાઈને પડેલા આ શબ્દનો અર્થ સુપેરે ઉઘાડી આપવા ઠેરઠેર કાર્યશાળાઓ યોજાય છે. લુપ્ત થતી સદ્‌ભાવનાને ઉગારી લેવા ઉભય કોમના યુવાનો મેદાને પડ્યા છે. પરિણામોની તો પરીક્ષા પછી જ ખબર પડે ને ? (પરીક્ષા ગમે ત્યારે આવી શકે છે!) હકીકતમાં ફૂલ્લીપાસ થવાનો ડર અંદરખાને સૌને સતાવી રહ્યો છે, એક આદમી સિવાય !

એનું મૂળનામ કેશુમીંયા ઉંમરમીંયા કુરેશી, પાક મુસ્લીમ. ઘાસના વેપારી એટલે કેશુભાઈ ઘાસવાલા તરીકે સૌ ઓળખે. મુસલમાન એટલે મુસલ્લમ ઈમાન. આપણા કેશુભાઈનો ઈમાન બાસમતી ચોખાના અણીશુધ્ધ દાણા જેવો અખંડિત ! ફક્ત સાત ચોપડી ભણેલા આ માણસે આગવી રીતે મોમીન અને હિન્દુના લક્ષણો આપણી સમક્ષ સ્પષ્ટ કરી આપ્યા છે. તેઓ કહે છે કે બીજાનું દુઃખ જોઈ મીણની જેમ પીગળે તે મોમીન અને બીજાને ભૂખ્યો જોઈને પોતાનું ભાણું ધરી દે તે હિન્દુ ! તેમનું માનવું છે કે સેવા કરવી હોય તો સંસ્થા બનાવવાની જરૂર નથી. શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓએ આ બુઝુર્ગ પાસેથી ઘણું શીખવા જેવું છે. સેવા શબ્દ બોલવામાં હળવો અને પચવામાં ભારે છે, જ્યારે સદ્‌ભાવના શબ્દ બોલવામાં ભારે અને પચવામાં હળવો છે. કેશુભાઈએ પોતાની રીતે આ બંનેની મિલાવટ કરીને પોતાના જીવનને સ્વાદિષ્ટ બનાવી લીધું છે. થોડા દિવસો પહેલા તેઓ અડસઠના થયા. જીવનના અસ્તાચળે પહોંચીને મોતની રાહ જોતા મનના માંદા માણસ પેઠે નિસાસા નાંખવા તેમને પાલવે તેમ નથી. કોને ખબર ક્યારે મોબાઈલ રણકે અને કોઈનો પાર્થિવદેહ મૂકવા જવો પડે ?

એકવાર એવું બન્યું. કેશુભાઈએ મેટાડોર લીધી. સામાન્યતઃ નવા વાહનનું મુહૂર્ત ધાર્મિક પ્રવાસથી થાય પણ આ મુહૂર્ત જરા જૂદી રીતે થયું. ગામમાં એક મૃત્યુ થયું. પાર્થિવદેહ વતનમાં લઈ જવાનું નક્કી થયું. એક પળનો ય વિલંબ કર્યા સિવાય કેશુભાઈએ પોતાની નવી મેટાડોરમાં મૃતદેહ મૂકાવ્યો અને મોખાસણ પહોંચાડી આવ્યા, વગર ભાડે !! સેવાની શુભશરૂઆત આનાથી નવલી રીતે કોઈએ કરી હશે ખરી ? મૃતદેહને લાવવા લઈ જવાની આ સેવાપ્રવૃત્તિ કેશુભાઈની ચિત્તવૃત્તિને માફક આવે તેવી રહી. સૅક્ટર-૨૪ના આદર્શનગરમાં તેમનું ૭૨૫ નંબરનું મકાન શોધવું હવે અઘરૂં નથી. નિશાની છે ઘરઆંગણે ઊભી રહેલી શબવાહિની તરીકે વપરાતી સફેદ કલરની ૪૦૭!

મહેસાણા જિલ્લાના કડી તાલુકાના રાજપુર ગામે કેશુભાઈનો જન્મ. બાપા ખેતી કરે. માંડ ઘર ચાલે. પિતાની મદદથી ઘરમાં કરિયાણાની દુકાન કરી. અનાજ, તેલ, લોટ, ગોળ વિગેરે વેચ્યાં. સગવડ થાય ત્યારે પૈસા આપી જેવાની શરતે ગરીબોને ઉધાર પણ આપ્યું. કેશુભાઈના લોહીમાં આ તત્વ ખરું ! કાલા કપાસના વેપારમાં ય ઝંપલાવ્યું. દેવું થયું. પહેરેલ કપડે નાસી જવાની નોબત આવી. આવ્યા પેથાપુર. શાકભાજી વેચ્યાં, શેરડીનું કોલું કર્યું, લોડિંગ રીક્ષા લીધી. એ વેચીને મેટાડોર લીધી. ગાંધીનગરમાં ત્યારે ઘાસચારો વેચવા માટે કોઈ નહોતું. પંચદેવમંદિરની પાછળ ખુલ્લી જગ્યા લીલાં-સૂકાં ઘાસના વેપાર માટે અનુકૂળ લાગી. વેપાર ધમધોકાર ચાલ્યો. ખૂબ કમાયા. જૂનું દેવું ચૂકતે કર્યું. પોતાનો પુત્ર દેવાના પહાડમાંથી મુક્ત થતાં માને આનંદ થયો. પુત્રને કહ્યું કે બેટા, આપણે ઈશ્વરના ઘરે જઈ હિસાબ આપવાનો છે માટે તું માનવસેવા અને પશુસેવામાં લાગી જા. માની આજ્ઞા સરઆંખો પર. પશુઆહારનો વ્યવસાય હતો તેથી પશુસેવા માટે ક્યાંય દૂર જવું પડે તેમ નહોતું. ધંધાના જ સ્થળે હવાડો બાંધી દીધો. અનુકૂળ સ્થળોએ પાણીની કૂંડીઓ બનાવી. ગાયના દૂધથી તેનો ઉછેર થયો છે. ગૌમાતાના દૂધનું કર્જ તેઓ ગૌસેવા કરીને ચૂકવી રહ્યા છે. બોળચોથના દિવસે સરકારે ગાયોને ઢોરવાડામાંથી મુક્ત કરી ત્યારે મરવા પડેલી બે ગાયોને આ જીવદયાપ્રેમી અને સાચા ગૌસેવક પોતાના ઘરે લઈ આવ્યા. દુષ્કાળ કે અતિવૃષ્ટિ વખતે કે અકસ્માતે ઈજાગ્રસ્ત થયેલ ગાય, ભેંસ, ઊંટ, ગધેડા, વાંદરા કે કોઈપણ પ્રાણીની જાણકારી કેશુભાઈને મળે તો પોતાના વાહનમાં ઘાયલ થયેલા પશુને ઘરે લઈ આવે છે, પશુ ચિકિત્સકને ઘરે બોલાવી પોતાના પૈસા દવાદારૂ કરે છે. કોઈ કિસ્સામાં મૃત્યુપર્યન્ત સેવા કરે છે અને અંતે એક સ્વજનની જેમ અંતિમક્રિયા કરીને કૃતકૃત્યતા અનુભવે છે. તેઓ કહે છે કે મનુષ્યની સેવા કરવા તેના સ્વજનો આવશે, મૂંગા ઢોરના કોણ સગાં ? સાચી સમાજસેવા આ જ છે ! ઘરમાં જુવારના કોથળા ઉપરાંત ગાંઠિયા, બિસ્કીટ વિગેરેનો જથ્થો જઈને કેશુભાઈના પક્ષીપ્રેમ માટે કોઈપણ આગંતુકના મોંમાંથી અનાયાસે વાહ નીકળી પડે છે. મૂંગા પશુપંખી માટે કેશુભાઈનો પ્રેમ કાબિલેદાદ છે. કેશુભાઈ પોતાની કમાણીમાંથી કેટલોક નિશ્ચિત ભાગ માનવસેવા માટે પણ અલગ કાઢે છે. ગાડીઓમાં ડીઝલ ભરાય છે, શબવાહિનીના પૈડાં ફરે છે અને મૃતદેહો અંતિમક્રિયા માટે વિનામૂલ્યે વતન સુધી પહોંચાડાય છે. બિનવારસી લાશોના અંતિમ સંસ્કારની જવાબદારી સ્વીકારી છે. મૃતદેહનો મલાજો જાળવીને સ્વજનની પેઠે પાર્થિવદેહોની અંતિમવિધિ (દફન કે દહન) કરે છે. તેઓ માને છે કે મૃતદેહને અવ્વલમંઝીલે પહોંચાડવાના કાર્યમાં કોમી ભેદભાવને સ્થાન નથી. તેઓએ અનેક પ્રસંગોએ રાજ્યબહાર પણ પાર્થિવદેહો પહોંચાડવાની સેવા કરી છે. હાલ તેઓ એ આ સેવા ગાંધીનગર શહેર અને જિલ્લા પૂરતી સીમિત કરી છે. રાજ્યના મુખ્યમંત્રી શ્રી બાબુભાઈ પટેલના નિધન સમયે તેમના પાર્થિવદેહને તેમના વાહનમાં અંતિમધામ સુધી લઈ જવાની તક મળી હતી તે વાતનો ઉલ્લેખ કરતાં કેશુભાઈ ગદગદિત થાય છે. કેશુભાઈ પાસે વાહનો ઘણા છે. જરૂર પડ્યે તેઓ શહેરની અન્ય સેવાસંસ્થાને પણ વાહનસેવા આપે છે. કેશુભાઈની આ ઓળખ દિવસે દિવસે ઘૂંટાતા એકડા પેઠે ઘાટ્ટી થતી રહી છે ! કેશુભાઈ રક્તદાન પ્રવૃત્તિ માટે પણ જાણીતા છે. એકવાર સિવિલ હોસ્પિટલ, ગાંધીનગરમાં રક્તની ખેંચ ઊભી થઈ, કેશુભાઈએ આ જાણ્યું. પોતાની ગાડી અમદાવાદ મોકલી પોતાના સગાસંબંધીની આખી ફોજ રક્તદાન માટે ખડી કરી દીધી ! તેઓએ રક્તદાન કર્યા છે અને કરાવ્યા છે.

કેશુભાઈનો દાવો નથી, તેઓનું નમ્રપણે માનવું છે કે કુદરતી આપત્તિનો તેને પૂર્વસંકેત મળી જાય છે. વાત છે સને ૨૦૦૧ના ગુજરાતમાં આવેલા ભયાનક ભૂકંપની. ભૂકંપ આવ્યો ૨૬મી જાન્યુઆરીએ અને કેશુભાઈની ઊંઘ ઊડી ગઈ તેનાથી દસ દિવસ અગાઉ ! ઉત્તરાયણની રાત્રે તેને ઊંઘ ન આવી. ઊંઘવા પ્રયાસ કર્યો પણ વ્યર્થ. કોઈ અદૃશ્ય શક્તિ તેને ઊઠાડીને સિવિલ હોસ્પિટલ તરફ જવાના સંકેતો કરતી રહી. રાત આમ જ પસાર થઈ. સવારે ઈશ્વરની ઈબાદત કરીને કેશુભાઈ સિવિલ હોસ્પિટલ પહોંચ્યા. દર્દીઓ માટે વિનામૂલ્યે ચા આપવાનું મનોમન નક્કી કરી લીધું. સત્તાવાળાઓની મંજૂરી સાથે મફત ચાની લારી કરી. બરાબર અગિયાર દિવસ પછી ભૂકંપ આવ્યો. કચ્છ પ્રદેશમાંથી અનેક ઘાયલ દર્દીઓ ગાંધીનગર હોસ્પિટલમાં દાખલ થયા અને કેશુભાઈની ચાની લારી રંગ લાવી. ચા ઉપરાંત દાતણ, દૂધ, કૉફી, હળવો નાસ્તો, ગરમપાણી, પાગરણ વિગેરેની સેવા વધારી. કોરિયા અને દિલ્હીથી આવેલ ડૉક્ટરોને મફત વાહનસેવા તથા ફાસ્ટફુડ પૂરાં પાડ્યાં. એ દિવસોમાં માત્ર બે કલાક ઊંઘતા અને ફરી સેવામાં લાગી જતા. દરરોજ ૪૦૦ લીટર દૂધનો વપરાશ થતો. ચા ખાંડ પણ એ મુજબ વપરાતા. પોતાના પરસેવાની કમાણી છૂટ્ટેહાથે વાપરતા રહ્યા. કોઈ પાસે હાથ લંબાવ્યો નથી.

• અનુસંધાન છઠ્ઠા પાને